**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 3, Issue - 6, Nov-Dec – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 04/11/2020 Accepted on : 17/11/2020 Publication Date: 30/11/2020

# ગાંધીજી: ધર્મવિચારણા પુસ્તકમાં વ્યક્ત થતાં ગાંધીજીના ધર્મ અંગેના વિચારોનો અભ્યાસ

**એલીશા કે. સરકારી**
રીસર્ચ સ્કોલર
શિક્ષણ વિભાગ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત
ઈ-મેઈલ : alisha.sarkari@gmail.com

**ડૉ. પ્રીતિ ચૌધરી**
એશોસિયેટ પ્રોફેસર
શિક્ષણ વિભાગ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત
ઈ-મેઈલ : pritichaudhari80@gmail.com

**સારાંશ :** શિક્ષણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. શિક્ષણ અને તત્વજ્ઞાન એકબીજા સાથે ગાઢ રીતે સંબંધ ધરાવે છે. તત્વજ્ઞાનમાં વિવિધ વિષયો સંકળાયેલા છે અને તે વિષયો અંગે ઘણાં તત્ત્વચિંતકોએ પોતાના વિચારો રજૂ કર્યા છે. ગાંધીજીએ શિક્ષણની સાથે ધાર્મિક વિચારણા પણ રજૂ કરી છે. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકનો મુખ્ય હેતુ ગાંધીજીના ધર્મ અંગેના વિચારોનો અભ્યાસ કરવાનો હતો. આ સંશોધનમાં સહેતુક નમૂના પસંદગી દ્વારા ગાંધીજી : ધર્મવિચારણા પુસ્તકની પસંદગી કરી હતી. પ્રસ્તુત સંશોધન ગુણાત્મક પ્રકારનું હતું અને તેમાં વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સંશોધન ઉપકરણ તરીકે નોંધપત્રકની રચના કરવામાં આવી હતી. ગાંધીજી ધર્મને આત્મદર્શનનું અંગ ગણતા હતા અને પ્રાર્થના વિના આત્મશુદ્ધિ શક્ય નથી. ધર્મ એ વિચારપૂર્ણ આચાર છે અને તેના માટે વ્રતોનું પાલન આવશ્યક છે અને હિન્દુ ધર્મ એ જ તેમના માટે શ્રેષ્ઠ ધર્મ હતો એ સંશોધનના મુખ્ય તારણો હતા.

**ચાવીરૂપ શબ્દો:** ગાંધીજી , ધર્મ, ધર્મશિક્ષણ., ધર્મચિંતન, ભાગવત, પ્રાર્થના.

## ૧. પ્રસ્તાવના :

શિક્ષણના વિકાસમાં તત્વચિંતકોનો ફાળો માનવ સંસ્કૃતિની શરૂઆતથી જ છે. તત્વચિંતક એ સંશોધક છે, તત્વજ્ઞાન અને શિક્ષણ વચ્ચે મહત્વની કડીરૂપ છે. તેમનું યોગદાન અમૂલ્ય છે. તેમણે રૂઢિગત સમાજમાં વૈચારિક ક્રાંતિ આણી અને જડ થઈ ગયેલા મૂલ્યોમાં પરિવર્તન લાવવામાં સફળતા મેળવી જેથી તેઓ ચિંતક તરીકે ઓળખાયા. તત્વચિંતક રવીન્દ્રનાથ ટાગોર, ગાંધીજી, મહર્ષિ અરવિંદ, રાધાકૃષ્ણનન, સ્વામી વિવેકાનંદ વગેરે વિભૂતિઓએ પોતાના વિચારો દ્વારા જગતમાં ક્રાંતિ સર્જી છે. ગાંધીજી તત્વચિંતક તો હતા જ, પરંતુ સાથે સાથે તેમણે ધર્મ વિશે પણ ઘણા વિચારો રજૂ કર્યા. તેમના ધાર્મિક વિચારોએ સમાજમાં ઘણાં ફેરફારો કર્યા અને લોકોને સદમાર્ગે દોર્યા. ધર્મના સંદર્ભમાં તેમના કાર્યો અદભૂત રહ્યા.

ગાંધીજી એટલે અહિંસા, પ્રેમ અને કરુણાનો ત્રિવેણી સંગમ. ગાંધીજી એ જીવન શિક્ષણ, સત્યદર્શન, બુનિયાદી શિક્ષણ વગેરે વિષયો અંગે પોતાના વિચારો રજૂ કર્યા અને ગહન ચિંતન કર્યું. ધર્મ વિશેના તેમના વિચારો અને તેમની પ્રભુભક્તિ ખૂબ ઊંડી હતી. સંશોધકે ગાંધીજીના ધર્મ અંગેના વિચારોનો, તેમની અનુસરણની પદ્ધતિ, તેમનું આચરણ વગેરેના સંદર્ભમાં માહિતી મેળવવા આ વિષય પસંદ કર્યો હતો.

## ૨.સંશોધનનું શીર્ષક :

પ્રસ્તુત સંશોધનનું શીર્ષક નીચે મુજબ હતું.

**ગાંધીજી : ધર્મવિચારણા પુસ્તકમાં વ્યક્ત થતાં ગાંધીજીના ધર્મ અંગેના વિચારોનો અભ્યાસ**

## ૩. સંશોધનના હેતુઓ:

પ્રસ્તુત સંશોધન વિષય માટે સંશોધકે નીચેના હેતુઓ નિર્ધારિત કર્યા હતા.

- ગાંધીજીના ધર્મના સંદર્ભમાં વ્યક્ત થયેલા વિચારોનો અભ્યાસ કરવો.
- ગાંધીજીના ધર્મવિચારણાના સ્વરૂપ અંગે અભ્યાસ કરવો.
- ગાંધીજીએ દર્શાવેલ ધર્મના તત્વ વિષયોનો અભ્યાસ કરવો.
- ગાંધીજીના ધર્મચિંતનમાં વ્રતવિચારણા વિશે રહેલા ખ્યાલોનો અભ્યાસ કરવો.
- ગાંધીજીએ દર્શાવેલ પ્રાર્થના વિશેની વૈજ્ઞાનિક પદ્ધતિનો અભ્યાસ કરવો.
- ગાંધીજીએ દર્શાવેલ હિન્દુધર્મના સ્વરૂપ વિશે અભ્યાસ કરવો.

**૪. સંશોધનનું મહત્વ :**

પ્રસ્તુત સંશોધન દ્વારા ગાંધીજીના ધર્મ વિશેના વિચારોને ઊંડાણપૂર્વક જાણી શકાશે. ગાંધીજીએ દર્શાવેલ ધર્મના તત્વો વિશેની માહિતી પ્રસ્તુત સંશોધન દ્વારા મળી રહેશે. હિન્દુ ધર્મનું સ્વરૂપ અને પ્રાર્થના વિશેના ગાંધીજી દર્શાવેલ વિચારો જાણવા આ સંશોધન ઉપયોગી પુરવાર થશે. ધર્મમાં પરિવર્તન લાવવા તેમજ તેમાં આવેલા ફેરફારો જાણવા અને સુધારો કરવા આ સંશોધન ઉપયોગી પુરવાર થશે.

**૫. સંશોધનનું સીમાંકન:**

પ્રસ્તુત સંશોધન ગાંધીજીના ધર્મ વિશેના વિચારો જાણવા પૂરતું જ સીમિત હતું. સંશોધનમાં સહેતુક નમૂના દ્વારા એક જ પુસ્તકની પસંદગી કરવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધન વર્ષ-૨૦૨૦ પૂરતું જ સીમિત હતું.

**૬. સંશોધન ક્ષેત્ર :**

શિક્ષણમાં સંશોધન હાથ ધરવા માટે પસંદગીના ઘણા ક્ષેત્રો છે. સંશોધકે શિક્ષણનું તત્વજ્ઞાન ક્ષેત્ર પસંદ કર્યું હતું.

**૭. સંશોધનનો પ્રકાર:**

પ્રસ્તુત સંશોધનમાં ગાંધીજીના ધર્મ અંગેના વિચારોનો અભ્યાસ કરવાનો હોવાથી પ્રસ્તુત સંશોધન ગુણાત્મક પ્રકારે હાથ ધરાયું હતું.

**૮.વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી :**

પ્રસ્તુત સંશોધનમાં ગાંધીજી દ્વારા અને ગાંધીજીના સંદર્ભમાં લખાયેલ તમામ પુસ્તકોનો વ્યાપવિશ્વમાં સમાવેશ થયો હતો. સંશોધકે સહેતુક નમૂના પદ્ધતિ દ્વારા ગાંધીજી: ધર્મવિચારણા પુસ્તકની નમૂનામાં પસંદગી કરી હતી.

**૯.સંશોધન ઉપકરણ :**

ગુણાત્મક સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે મુલાકાત, રૂપકો, કથા, નોંધપત્રકો જેવા ઉપકરણો પસંદ કરવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે નોંધપત્રકનો સમાવેશ કર્યો હતો. સંશોધકે સંદર્ભ, પૃષ્ઠ, વૈચારિક એકમ, વૈચારિક એકમનું વિભાજન, હાર્દરૂપ વિધાન, ચાવીરૂપ શબ્દોના સંદર્ભમાં નોંધપત્રકની રચના કરી હતી.

**૧0. સંશોધન પદ્ધતિ :**

સંશોધકે વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**૧૧.માહિતીનું એકત્રીકરણ:**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પદ્ધતિ દ્વારા એક પુસ્તકની નમૂનામાં પસંદગી કરી હતી. ત્યારબાદ તેનું પ્રાથમિક વાંચન કર્યા બાદ પ્રાથમિક વિચારોને અલગ તારવ્યા હતા. સંશોધકે પુસ્તકના પ્રાથમિક વાંચન બાદ વિચારોને અલગ તારવીને નોંધપત્રકમાં મુદ્દાસર નોંધ કરી હતી.

**૧૨. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન :**

પુસ્તકોના વાંચન બાદ સંશોધકે મળેલ માહિતીનું હેતુઓ આધારિત વર્ગો કર્યા હતા, જે નીચે પ્રમાણે છે.

૧. ગાંધીજીના મતે ધર્મ
૨. ગાંધીજીના મતે ધર્મવિચારણાનું સ્વરૂપ
૩. ગાંધીજીના મતે ધર્મના તત્વ વિષયો
૪. ગાંધીજીના મતે વ્રત વિચારણા
૫. ગાંધીજીના મતે પ્રાર્થનાની વૈજ્ઞાનિક પદ્ધતિ
૬. ગાંધીજીના મતે હિન્દુ ધર્મનું સ્વરૂપ

આમ, માહિતીને ઉપયુક્ત વર્ગોમાં વર્ગોમાં વિભાજીત કરવા વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને માહિતીનું ગુણાત્મક પૃથક્કરણ દ્વારા વિશ્લેષણ એકમોને આધારે તારણો દર્શાવવામાં આવ્યા હતા.

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 3, Issue - 6, Nov-Dec – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 04/11/2020 Accepted on : 17/11/2020 Publication Date: 30/11/2020

**૧૩. સંશોધનના તારણો :**

પ્રસ્તુત સંશોધનના અંતે મળેલા તારણો નીચે પ્રમાણે છે.

- **ગાંધીજીના મતે ધર્મ :**

આત્મભાન, આત્મજ્ઞાન અને જેમાંથી આત્મતત્વનું ભાન થાય અને આત્માનો બોધ થાય તેજ ધર્મ. ધર્મ એટલે માટેનું સાધન, સત્યને પામવા માટેનો આચાર માર્ગ, આત્મશક્તિ કેળવવાનો પુરુષાર્થ, શુભ કર્મ અને શુભ આશય, અદ્રશ્ય શક્તિને વિશે જીવતી અચળ શ્રદ્ધા, વિવેકબુદ્ધિના ઉપયોગ સાથે મન, વચન અને કર્મ દ્વારા અખંડ જીવનની કરેલી સત્યની ઉપાસના, સત્ય અને અહિંસા, ઇશ્વરનો અંતિમ કાયદો.

- **ગાંધીજીના મતે ધર્મવિચારણાનું સ્વરૂપ :**

ધર્મ એ માત્ર આચાર નથી પરંતુ વિચારપૂર્ણ આચાર છે. તેમાં ભવાનામય બૌદ્દિક તત્વ રહેલું છે. તે માત્ર અનુકરણ નથી, પરંતુ જે કાર્ય કરો છો તેની પાછળ શુભ આશય રહેલો હોવો જોઈએ. ગાંધીજીના મતે પ્રત્યેક કાર્ય ધર્મ છે. શુદ્ધ જીવનથી કરેલ પ્રવૃત્તિ એ ધર્મ છે. શુદ્ધ જીવનથી કરેલ પ્રવૃત્તિ એ ધર્મ છે. જગતમાં કલ્યાણને નજર સમક્ષ રાખી કરેલું સામાન્ય કાર્ય પણ ધર્મ છે. દરેક લોકો માટેનો પ્રેમભાવ, વિશ્વકલ્યાણ અને સત્યનું આચરણ કરવું એ જ ધર્મનું જ કાર્ય છે. ગાંધીજી ધર્મને આત્મદર્શન કરવાનું મહત્વનું અંગ ગણતા. ધર્મ એ પુસ્તકમાંથી મળે એવી વસ્તુ નથી પરંતુ તેનું સ્થાન મનુષ્યના હ્દયમાં છે. તેની શોધ મનુષ્યએ સ્વયંભૂ કરવી પડે છે. ધર્મ એ વ્યક્તિને પોતાના આત્મવિકાસ માટેનો માર્ગ છે.

- **ગાંધીજીના મતે ધર્મના તત્વ વિષયો :**

ઈશ્વર અને પ્રાર્થના એ ધર્મના તત્વ વિષયો છે. ઈશ્વર એ હ્દયગત છે. તેની શોધ મનુષ્ય બહારથી કરી શકતો નથી તે માટે આત્મનિરીક્ષણ શ્રેષ્ઠ રીત છે . જ્યારે પ્રાર્થના એ આત્મશુદ્ધિ માટેનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને સૌથી વધારે અસરકારક સાધન છે. જે પૂર્ણત્વ પામવા ઈચ્છે તો તેને માટે પ્રાર્થના અનિવાર્ય છે. કેમ કે એ આત્માની ભૂખ સંતોષે છે. વ્યક્તિ પ્રાર્થનામાં લીન થાય તો તેનું આત્મનિરીક્ષણ શાંતિમય અને સુસંવાદી બને છે. પ્રાર્થના સંપૂર્ણ નમ્રતા વિના અશકય છે. પ્રાર્થનાથી ચિતને એકાગ્ર કર્યા બાદ જીવનમાં આવતું કોઈપણ કાર્ય તન્મય થઈને કરી શકાય છે. પ્રાર્થનામાં શબ્દને નહિ પણ ભાવને પ્રાધાન્ય આપવામાં આવે છે.

- **ગાંધીજીના મતે ધર્મમાં વ્રતવિચારણા :**

ગાંધીજી વ્રતને સાધનાનું અંગ માનતા. તે. વ્યક્તિના આંતરિક જીવન સાથે સંકળાયેલ છે. એ બાહ્ય જગતમાં દેખાડવાની વસ્તુ નથી. તેના આચરણથી આત્મબળમાં વૃદ્ધિ થાય છે. ગાંધીજીએ દર્શાવેલા વ્રતોમાં સત્ય, અહિંસા, અભય, અસ્તેય, અપરિગ્રહ, જાતમહેનત, અનાશક્તિ, સર્વધર્મ સમભાવ, બ્રહ્મચર્ય અને નમ્રતાનો સમાવેશ થાય છે. તેમના મત મુજબ વિચારોમાં, વાણીમાં ને આચારમાં એ જ સત્ય. સત્ય એટલે આનંદ, રાગદ્વેષમાંથી મુક્તિ. દરેક જીવમાત્ર પ્રત્યે પ્રેમ અને વેરભાવનાનો ત્યાગ એટલે અહિંસા. અસ્તેય એટલે ચોરી ન કરવી. અપરિગ્રહ એટલે અનાવશ્યકતા સિવાય કોઈ પણ વસ્તુનો સંગ્રહ ન કરવો. અભય એટલે મનમાં કોઈ પણ ડર વિના સત્યની પાછળ વળગેલા રહેવું. તેમના મતે જાતમહેનતમાં શ્રમવિભાજન રહેલું છે. જાતમહેનત દ્વારા વ્યક્તિ પોતાની જરૂરિયાતો પૂર્ણ કરી શકે છે અને શરીરશ્રમ દ્વારા તે મનને કાબૂમાં રાખી શકે છે. અનાશક્તિ એટલે વસ્તુ પ્રત્યેની આશક્તિનો ત્યાગ.

અનાશક્તિ એ ભાગવત છે તે મનની સ્થિતિ છે. જે વસ્તુ કે વિચાર અયોગ્ય નથી, જેમાં કોઈનું અહિત નથી. છતાં મનુષ્ય આત્મવિશ્વાસ માટે સ્વેચ્છાએ તેનો ત્યાગ કરે ત્યારે તે ત્યાગ એટલે અનાશક્તિ. સર્વધર્મ સમભાવ એટલે દરેક ધર્મ પ્રત્યે સરખો ભાવ રાખવો અને દરેક ધર્મને સમાન ગણાવા. બ્રહ્મચર્ય એટલે બ્રહ્મની શોધ. સર્વ ઈન્દ્રિયોને મનથી, વાચાથીને કાયાથી સર્વક્ષેત્રે, સર્વકાળે સંયમ. નમ્રતા એ અહિંસાનો પેટા વિભાગ છે.

- **ગાંધીજીના મતે પ્રાર્થનાની વૈજ્ઞાનિક પદ્ધતિ :** પ્રાર્થના દ્વારા મનુષ્ય માત્ર યાચના જ નથી કરતો પરંતુ પોતે ઝંખે છે, તેને માટેની પાત્રતા કેળવવાનો સંકલ્પ એ પોતાના મન સાથે કરે છે. પ્રાર્થનાથી આત્માની શુદ્ધિ અને આત્મવિકાસ થાય છે. પ્રાર્થનાએ તો ઈશ્વરનાં પરિણામ સાથે એકરૂપ થવાની સાધના છે. પ્રાર્થના એ જીવન પ્રવાહને વિશ્વચૈતન્યના અનંત પ્રવાહમાં લયબદ્ધ રીતે જોડાવાની શક્તિ છે. પ્રાર્થના એ ભગવાન સાથે એક થવાની હ્દયની યાચના છે. પ્રાર્થના માનવીના મન અને વ્યવહાર સાથે ભૂમિકા સાધે છે.

સમૂહપ્રાર્થના એ સમગ્ર માનવજાતની મૂળભૂત ઐક્ય સાધવાનું સાધન છે. સામાન્ય માનવીને પણ જીવનવિકાસમાં ઉપકારક થઈ શકે એ માટે તો પ્રત્યેક આદેશ કે ભાવને કાર્યમાં ઉતારે છે અને તે જ દ્રષ્ટિએ તેનું મૂલ્યાંકન કરે છે. નિઃસ્વાર્થ સેવા એ પણ પ્રાર્થના છે. પ્રાર્થના ક્યારેય નિષ્ફળ જતી નથી પણ કર્યું ફળ આપે છે તેની આપણે ખબર પડતી નથી.

પ્રાર્થના એટલે આપણામાં રહેલી શક્તિઓને જાગ્રત કરવાનું પ્રયત્ન એમ ગાંધીજી માનતા. પ્રાર્થના એટલે નિરંજન, નિરાકાર, સત્યનું શાંતપણે ચિંતન કરવું. પ્રાર્થનામાં નમ્રતાનું તત્વ રહેલું છે. નમ્રતા વિના પ્રાર્થના અશક્ય છે. ગાંધીજી કહે છે કે, જ્યાં સુધી તમે શૂન્યવત ન બનો ત્યાં સુધી તેનો અર્થ તમે ન સમજી શકો અને તેનું ફળ પણ તમે ન પામી શકો.

- **ગાંધીજીના મતે હિન્દુ ધર્મનું સ્વરૂપ :**

હિન્દુ ધર્મ વિશાળ અને ગહન છે. તેમાં શેષ કે મર્યાદા, વિકાસ કે વિકાર નથી પણ એ બધાં એની જીવંતતાના અને વ્યાપકતાનાં લક્ષણો છે. હિન્દુ ધર્મને પ્રચારની જરૂર નથી. હિન્દુ ધર્મમાં આત્મ ઉન્નતિનો વિશાળમાં વિશાળ અવકાશ રહેલો છે. હિન્દુધર્મવૃત્તિ શીખવે છે કે બધાની ઉત્તપતિ એક જ ઈશ્વરમાંથી થઈ છે

હિન્દુ ધર્મની સર્વવ્યાપક ભાવના એ પ્રાણીઓના હિતની છે. હિન્દુ ધર્મની આ ભાવનાના મૂળમાંથી સર્વોદયનો જન્મ થયો છે. ગાંધીજીના મતે હિન્દુ ધર્મ ગંગાનો પ્રવાહ છે. હિન્દુ ધર્મ જીવંત વસ્તુ છે. તેમાં ભરતીઓ થયા કરે છે. તે જગતના કાયદાને અનુસરે છે. તે વૃક્ષરૂપે છે કે જેના ઉપર વિવિધ ઋતુઓની અસર થાય છે અને એમાં પાનખર પણ આવે છે. ધર્માંતરની આધુનિક ઘેલછાથી હિન્દુ ધર્મ મુક્ત રહ્યો છે. હિન્દુ ધર્મમાં આત્મવિકાસની શક્યતા અને મુક્ત વતાવારણનો અનુભવ થાય છે. તે વિશ્વચેતનાની ગતિમાં એક પ્રવાહરૂપ છે.

**૧૪. ઉપસંહાર:**

ગાંધીજી બાળકના અને માણસના શરીર, મન અને આત્માના ઉત્તમઅંશો છે તેને બહાર લાવવાને શિક્ષણ કહે છે. તેવી જ રીતે ગાંધીજી ધર્મમાં પ્રાર્થનાને ઘણું મહત્વ આપતા હતા. આત્મનિરીક્ષણ દ્વારા મનની શુદ્ધિ થાય છે. ઈશ્વર અને પ્રાર્થનાને ધર્મના તત્વ વિષયો ગણતા. ધર્મમાં વ્રતવિચારણા જરૂરી હોવાથી તેમાં સાધના થવી આવશ્યક છે. આમ, ગાંધીજી હિન્દુ ધર્મ એ જ શ્રેષ્ઠ ધર્મ હતો. ગાંધીજી કેળવણીકાર હોવાની સાથે ધર્મવિચારક, ધર્મસુધારક પણ હતા.

**સંદર્ભ સૂચિ :**

૧ દવે, જે.(૧૯૨૯).***ગાંધીજી.અમદાવાદ:*** નવજીવન પ્રકાશન મંદિર.
૨ જોશી,બી.(૨૦૧૧). ગુણાત્મક સંશોધન અને તેની રજૂઆત. અમદાવાદ : નવજીવન મુદ્રણાલય.
૩ પટણી,દિ.વી.(૧૯૮૪).***ગાંધીજી: ધર્મવિચારણા.*** અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.
૪ શાહ,ડી.બી.(૨૦૦૪). ***શૈક્ષણિક સંશોધન.*** અમદાવાદ:યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
૫ શુક્લ,પી.(૨૦૦૭). ***ગાંધી અને ગાંધીગીરી.*** અમદાવાદ:નવજીવન ટ્રસ્ટ.
૬ ઉચાટ,ડી.એ.(૨૦૦૯).***શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનીમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.*** અમદાવાદ: સાહિત્ય મુદ્રણાલય,પ્રા.લિ.
૭ વ્યાસ,એચ.(૧૯૭૯).***મહાત્મા ગાંધીનો સાહિત્ય પર પ્રભાવ.*** અમદાવાદ: મહિલા મુદ્રણ.